# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-03-2025 Day: Wenesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પીએમ-મોરેશિયસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મોરેશિયસનું સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ ઈન્ડિયન ઓશનથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન મેળનાર તેઓ પહેલા ભારતીય છે. મોરેશિયસ ખાતે ભારતીય સમુદાયને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહયું કે ભારત અને મોરેશિયસનો ઈતિહાસ સંયુક્ત છે. બંન્નેના સંબંધ ખુબ મજબૂત છે. ભારત માટે મોરેશિયસ ઘણું મહત્ત્વ ધરાવે છે.

-----------------------------------------------------------------------------------------

## માર્ગ-મકાન વિભાગ મંજૂરી

વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની વર્ષ 2025-26ની 24 હજાર 705 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માગણીઓ મંજૂર કરવામાં આવી છે. ગૃહમાં મુખ્યમંત્રી વતી માગણીઓ રજૂ કરતા રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું, માર્ગ અને મકાન વિભાગની માંગણીઓમાં ગત વર્ષની સરખામણીએ બે હજાર 542 કરોડ એટલે કે, 11.47 ટકા જેટલો વધારો કરી આ માગણીઓ મંજૂર કરવામાં આવી છે.

શ્રી વિશ્વકર્માએ કહ્યું, ઉત્તર ગુજરાતનું સૌરાષ્ટ્ર સાથે જોડાણ કરવા ડીસા-પીપાવાવ સુધીનો 430 કિલોમીટર લંબાઈના નમોશક્તિ એક્સપ્રેસ-વેને 36 હજાર 120 કરોડ રૂપિયાની અંદાજિત રકમથી વિકસાવાશે. જ્યારે હાઈસ્પીડ કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત એક હજાર 155 કિલોમીટર લંબાઈના રસ્તાને 10 હજાર કરોડ રૂપિયાની રકમથી ગરવી ગુજરાત હાઈસ્પીડ હાઈ-વે પ્રોજેક્ટ તરીકે વિકસાવવા પ્રથમ તબક્કામાં 12 રસ્તાનો વિકાસ કરાશે.

---

## આરોગ્ય કેન્દ્ર - ભરતી

રાજ્યભરમાં આ વર્ષે જાહેર આરોગ્ય કેન્દ્ર- **P.H.C.** અને સામુદાયિક આરોગ્ય કેન્દ્ર- **C.H.C.** ખાતે વર્ગ- બેના એક હજાર 921 તબીબની ભરતી કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં **PHC** અને **CHC**માં વર્ગ એકથી ચારમાં ભરાયેલી જગ્યાઓ અને ખાલી મહેકમ અંગે માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાજ્ય આરોગ્ય સેવાઓમાં વર્ગ એકની એક હજાર 146 જગ્યાઓ ભરવા **G.P.S.C.**માં માંગણાપત્રક મોકલાયા છે. તે પૈકી **C.H.C.**માં નિમણૂક આપી શકાય તેવા વિવિધ સંવર્ગની 947 જગ્યા છે.

રાજ્યના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ ત્રણની પેરા-મેડિકલ સંવર્ગની 865 જગ્યાઓ માટેના માંગણાપત્રક તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે અને તે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલાશે. તેમ જ નર્સિંગ સંવર્ગની એક હજાર 902 જગ્યા માટે **G.T.U.** દ્વારા લેવાયેલી પરીક્ષાનું પરિણામ ટૂંક સમયમાં જાહેર કરાશે તેમ શ્રી પટેલે ઉમેર્યું હતું.

---

## ગૃહમંત્રી - RTI

માહિતીનો અધિકાર- **R.T.I.** કાયદાનો દૂરૂપયોગ કરી નિર્દોષ લોકોને છેતરતા લોકો સામે કડક કાર્યવાહી કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં આ અંગે માહિતી આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, “રાજ્યભરમાં આ કાયદાનો દૂરુપયોગ કરનારા લોકો સામે 67 ગુના નોંધી કડક કાર્યવાહી કરવામાં આવી છે. આવનારા દિવસોમાં પણ આવા લોકો સામે કડક કાર્યવાહી કરાશે તેમ જ **R.T.I.** કાયદાનો દૂરુપયોગ બિલકુલ ચલાવી નહીં લેવાય તેમ શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

શ્રી સંઘવીએ **R.T.I.**ના નામે લોકોને છેતરતા નિષ્ણાતો અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા પણ અપીલ કરી હતી.

---

## એસટી વધારાની બસો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં એસ. ટી. નિગમ દ્વારા હોળી તથા ધૂળેટીના તહેવારો દરમ્યાન એક્સ્ટ્રા સંચાલન માટે મહત્વનો નિર્ણય લીધો હતો. ગુજરાત એસ. ટી. દ્વારા ૧૨૦૦ જેટલી બસો દ્વારા ૭૧૦૦ થી વધુ ટ્રીપોનું સંચાલન કરી મુસાફરોને વતન મોકલવા આયોજન હાથ ધરાયું છે.

---------------------------------------------------------------------------------

## ગરમી - હવામાન

ગુજરાતમાં માર્ચ મહિનામાં જ કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે રાજ્યના 9 જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ગઇકાલે બપોરે મહત્તમ તાપમાન 42.4 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

ગરમીના કારણે લોકો કામ સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આરોગ્ય વિભાગે લોકોને સ્વાસ્થ્ય જાળવવા માટે ખાસ સૂચનાઓ જાહેર કરી છે. વિભાગે લોકોને વધુ પ્રવાહી લેવા અને માથું ઢાંકીને સફેદ કપડાં પહેરીને બહાર નીકળવાની સલાહ આપી છે.

આરોગ્ય વિભાગના કર્મચારીઓ ભુજ શહેરમાં ઘરે-ઘરે જઈને બીમારીની તપાસ કરી રહ્યા છે. શિયાળામાં સખત ઠંડી બાદ હવે ઉનાળાની ગરમીએ જનજીવનને પ્રભાવિત કર્યું છે.

---------------------------------------------------------------------------------

## અકસ્માત

ભુજના સ્મૃતિવન નજીક ગઇકાલે સાંજે બાઇક સવારને ટ્રકે ટક્કર મારતા ઘટનાસ્થળ પર જ બાઇક સવાર યુવકનું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય અકસ્માત ગાંધીધામમાં બસ સ્ટોપ પાસે એક્ટિવા ચાલક દંપતીને ટ્રેઇલરની ટક્કર લાગતા પતિનું ઘટનાસ્થળે મૃત્યું થયું હતું, જ્યારે પત્ની ગંભીર રીતે ઘાગલ થતા હોસ્પિટલ ખસેડાયા હતા.

---------------------------------------------------------------------------------